# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ**/૫૩/ક્વા-૩/૧૯-૨૦/૯૭૬-૫૩ તા.૧૪-૦૨-૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૩/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **પ્રભુદાસ ચુનીલાલ ગોહેલ** - અમરદીપ આઈસ ફેક્ટરી ગામ – વેરાવળ -
**સબડીવીઝન** : વેરાવળ -જીઆઈ.ડી.સી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – વેરાવળ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

તારીખ: ૧૩-૦૨-૨૦૨૦ (ગુરુવાર)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારે ગ્રા નં.૮૪૯૨૧/૫૬૦૭૬/૫-૯૩કિ.વો. એલટીએમડી ટેરીફ હેઠળ વીજ જોડાણ ધરાવે છે. પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા. ૦૪.૧૧.૧૯ ના પત્રથી સપ્લાય કોડ ૪.૯૫ અન્વયે વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન ૧૧૩.૮૮ કેવીએ સરેરાશ વપરાશ કરેલ હોય એચટી ટેરીફ મુજબ રકમ ભરપાઈ કરવા તેમજ વીજભાર વધારવા કાર્યવાહી કરવા જણાવેલ જેથી અરજદારે ૫% લોડ ની છૂટ હોય ૯૯.૫ કી.વો. ની માંગણી કરેલ તે મુજબ ૧૦૨.૫ કી.વો.

એવરેજ મુજબ લોડ થતો હોય તે મુજબ લોડ વધારાની અરજી માન્ય રાખવા તેમજ સદર કરારિત વીજભાર કરતા વધુ વીજ વપરાશ કરીશું નહી તે મુજબની વિનંતી અત્રેના ફોરમ સમક્ષ કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી લેખીત પત્ર તા.૦૫.૦૨.૨૦૨૦ થી જણાવાયેલ કે- અરજદાર **પ્રભુદાસ ચુનીલાલ ગોહેલ** - અમરદીપ આઈસ ફેક્ટરી ગ્રા નં.૮૪૯૨૧/૫૬૦૭૬/૫-૯૩કિ.વો. એલટીએમડી ટેરીફ હેઠળ વીજ જોડાણ ધરાવે છે. સદર વીજ જોડાણમાં ૯૩કિ.વો. વીજભાર માંથી ૯૯.૫ કી.વો. ની માંગણી કરેલ જે અન્વયે વેરાવળ -જીઆઈ.ડી.સી. પેટા વિભાગીય કચેરી દ્વારા ભાવપત્રક આપવામાં આવેલ છે. અરજદારની ફરિયાદ નું સુખદ નિવારણ થતા અરજદાર ની સહીવાળું સંમતીપત્ર તા.૦૩.૦૨.૨૦૨૦ મુજબ નું ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૩.૦ ફરિયાદી અરજદાર તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાને આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબના તારણ પર આવી શકાય.

૩.૧ અરજદાર ની રજૂઆત અન્વયે **પેરા નં ૨.૦** અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૦૩.૦૨.૨૦૨૦ થી રજુ કરાયેલ છે.

૩.૨ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

3.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(કે. જે. મોટાણી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |